ગાંધીનગર સમાચાર

## દહેગામના પીઢ પત્રકાર હસમુખ આચાર્યનું દુઃખદ અવસાન

ગાંધીનગર, તા. ૧૫

દહેગામ તાલુકાના પીઢ પત્રકાર અને બ્રહ્મસમાજના અગ્રણી



તેમજ ભાજપ મીડીયા સેલના કન્વીનર હસમુખભાઈ આચાર્યનું લાંબી માંદગી બાદ ગત રોજ દુઃખદ અવસાન થયું છે.

દહેગામ તાલુકામાં વર્ષો સુધી ગાંધીનગર સમાચારના પત્રકાર તરીકે હસમુખભાઈ આચાર્યએ સેવાઓ આપી હતી. હસમુખભાઈએ દહેગામમાં બ્રહ્મસમાજમાં પણ લાંબા સમય સુધી પોતાની સેવાઓ આપી હતી. વર્તમાનમાં તેઓ ભાજપ મિડીયા સેલના કન્વીનર પદે પણ કાર્યરત હતા. તેમજ દિવ્ય ભાસ્કરમાં પત્રકાર તરીકે અને એડ એજન્સી પણ ચલાવતા હતા. હસમુખભાઈ આચાર્યને થોડા દિવસ અગાઉ હૃદયરોગનો હુમલો થતા બિમારીમાં સપડાયા હતા. આથી સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ગત રોજ મોડી રાત્રે તેમનું લાંબી માંદગી બાદ અવસાન થયું હતું. આજે વહેલી સવારે તેમના નિવાસસ્થાનેથી અંતિમ યાત્રા નિકળી હતી. જેમાં મોટી સંખ્યામાં નગરજનો જોડાયા હતા. ગાંધીનગર સમાચાર પરિવારે સ્વ. હસમુખભાઈ આચાર્યને શ્રદ્ધાંજલિ આપી હતી. ગાંધીનગર સમાચારના મેનેજીંગ તંત્રી કૃષ્ણકાન્ત જહાએ હસમુખભાઈની સેવાઓને બિરદાવી હતી.

## જ્યોતિ મહિલા મંડળની ફરતા ગરબા સ્પર્ધામાં ૧૨૦૦ સ્પર્ધકોએ ભાગ લીધો

જ્યોતિ મહિલા મંડળ દ્વારા છેલ્લા ૪૫ વર્ષથી વિવિધ વયજૂથ માટે ફરતા ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે. જેમાં ૫ વર્ષથી લઈ ૭૫ સુધીના ૧૨૦૦થી વધુ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. સ્પર્ધાના અંતે વિજેતાઓને ઈનામો એનાયત કરી નવાજવામાં આવ્યા હતા. જેમાં ૫ વર્ષની બાળકીઓથી લઈ ૭૫ વર્ષની બુઝુર્ગ મહિલાઓએ પણ ભાગ લીધો હતો. ફરતા ગરબાના સ્પર્ધાના પ્રારંભે સે. ૨૩ કડી કેમ્પસના ડીન ડૉ. વીણાબેન, જ્યોતિ મહિલા મંડળના પ્રમુખ લત્તાબેન ચોકસી, ગાંધીનગરના અગ્રણી કૃષ્ણકાન્ત જહા, મુખ્ય મહેમાન તરીકે પૃથ્વીભાઈ શાહ, ગર્લ્સ હોસ્ટેલના કો. એડીટર કૌશલ્યાબેન ઉપસ્થિત રહ્યા હતા. આ સ્પર્ધામાં બેડા ગરબામાં પ્રથમ ક્રમે મંજુલાબેન વિષ્ણુભાઈ પટેલ વિજેતા રહ્યા હતા. જ્યારે ૧૧ થી ૧૫ વર્ષની વયજૂથમાં પ્રથમ હિરણ્ય પંડ્યા જ્યારે ૧૬ થી ૨૫ વર્ષમાં અલ્પા લાડવા, ૨૬ થી ૩૫ વર્ષમાં અંજનાબા વાઘેલા, ૩૬ થી ૪૫ વર્ષમાં યોગિતા ગોંડલીયા, ૪૬ થી ૬૦ વર્ષમાં મીનાક્ષીબેન પરીખ અને ૬૦ વર્ષથી વધુ વયમાં લત્તાબેન ચોકસી પ્રથમ ક્રમે વિજેતા સ્થાને વિજેતા રહ્યા હતા. સ્પર્ધાના અંતે મેયર હંસાબેન મોદી, ઉષાબેન બુચ તેમજ હિતેક્ષીબેનના હસ્તે વિજેતાઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે વર્ષાબેન પારેખ, મીનળબેન ઓઝા, મમતા રાવળ, આશાબેન અડાલજા તેમજ મેઘાબેને સેવાઓ આપી હતી. જ્યારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન ચેતના બુચે કર્યું હતું.

## પીંપળજમાં યુવતીનો દવા ગટગટાવી આપઘાતનો પ્રયાસ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર નજીક આવેલા પીંપળજ ગામમાં રહેતી ૧૮ વર્ષની યુવતીએ આજે બપોરે એક વાગ્યાના અરસામાં પોતાના ઘરે જ ઝેરી દવા ગટગટાવી લીધી હતી. તાત્કાલીક તેણીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવી હતી. પીંપળજ ગામમાં ખેતરમાં રહેતી ૧૮ વર્ષની યુવતી આજે સવારે ઘરે હતી અને રસોઈ બનાવવાની બાકી હતી. બપોર થઈ ગઈ હોવા છતાં રસોઈ ન બનાવતા માતા અકળાઈ ગઈ હતી અને દિકરીને ઠપકો આપતા તેણીને લાગી આવ્યું હતું.

# ડેપોમાં પોલીસ ચોકી શરૂ કરવા મહામંડળની ઉગ્ર રજુઆત

### છેલ્લા ઘણાં સમયથી ડેપોમાં ગઠીયાઓ મુસાફરોના ખિસ્સામાં હાથફેરો કરી જતા ભયનો માહોલ પ્રવર્તયો છે

ગાંધીનગર, તા ૧૫

નગરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત અસ ટી ડેપોમાં સલામતી વ્યવસ્થાના નામે મીંડુ ચિતરાયેલુ છે.જયારે વર્ષોની માંગણીના અંતે પણ એસ ટી ડેપોમાં પોલીસ ચોકી માટે જગ્યા ફાળવવામાં આવતી નથી. જેના પરિણામે ગુનાખોરીનુ પ્રમાણ વધી રહયુ છે. આ મામલે અનેકવાર રજુઆતો કરવા છતા પોલીસ ચોકી બનાવવાનુ આયોજન કરવામાં આવતુ નથી. શહેર વસાહત મહામંડળ દ્વારા પણ એસ ટી ડેપોમાં પોલીસ ચોકી ઉભી કરવા પ્રબળ માંગ કરવામાં આવી છે.

નગરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત એસ ટી ડેપોમાં પોલીસ ચોકીના અભાવે ગુનેગારોને ખુલ્લો દોર મળ્યો છે. ડેપો સંકુલમાં ધોળા દિવસે જાણભેદુ તત્વો મુસાફરોના ખિસ્સા કાતરવા ઉપરાંત સોનાના દોરાની તફડંચી કરતા હોવાની ફરિયાદોના લીધે મુસાફરોમાં ભયની લાગણી વ્યાપી છે. અગાઉ પણ અનેકવાર એસ ટી ડેપોના સ્ટાફ તેમજ મુસાફરો દ્વારા ચોર ઈસમોને રંગેહાથ પકડીને પોલીસને હવાલે કરવામાં આવ્યા હોવાનુ ધ્યાને આવ્યુ છે. છેલ્લા ઘણાં વર્ષોથી આ સ્થિતિને નિવારવા ડેપો તંત્ર દ્વારા કોઈ પગલા લેવાતા નથી એસ ટી નિગમની ડિવિઝનલ કચેરી કક્ષાએથી પણ ડેપોમાં પોલીસચોકી બનાવવા માટે જગ્યા ફાળવવામાં ઉદાસીનતા સેવાઈ રહી છે. બીજીતરફ મુસાફરો પીક પોકેટીંગના ભોગ બની રહયા છે.મહીલાઓ તેમજ સિનિયર સિટિઝન્સની સલામતીના નામે પાટનગરમાં જ ડેપો જેવા જાહેર સ્થળોએ દિવા તળે અંધારા જેવી સ્થિતિ છે. આ મામલે શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચ મયુર વ્યાસ સુધીર દેસાઈ સહીતના અગેવાનોએ ડેપો મેનેજરને રજુઆત કરી હતી.

## સિવિલ કમ્પાઉન્ડમાં રહેલી વેરાન જગ્યા 'સોનાની થાળીમાં લોઢાની મેખ સમાન'

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડમાં અદ્યતન હાઈટેક નિર્માણ પામેલ નવી બિલ્ડીંગની બાજુમાં ખાલી



પડેલી જગ્યામાં ૫૦થી વધુ બાંકડા મુકવામાં આવ્યા છે. પરંતુ આ સ્થળ પર બેસી શકાય તેમ નથી. સિવિલ તંત્ર દ્વારા આ જમીન પર શુ નિર્માણ કરવાનું છે તે કદાચ ભુલી ગયા હોય તેવું લાગી રહ્યું છે. નવા બિલ્ડીંગની બાજુમાં વેરાન જગ્યા "સોનાની થાળીમાં લોઢાની મેખ" સમાન ભાસી રહી છે.

ગાંધીનગર સિવિલમાં જિલ્લાના હજારો દર્દીઓ સારવાર માટે આવે છે. ગાંધીનગર હોસ્પિટલમાં હાઈટેક મશીનરી તેમજ નવી બિલ્ડીંગમાં યોગ્ય વ્યવસ્થાને પગલે કોર્પોરેટ લુક આપવામાં આવતા તેમજ નિષ્ણાંત તબિબોની ફોજ હોવાથી જિલ્લાના દર્દીઓ અહી આવવાનું વધુ પસંદ કરે છે. દર્દીઓના સગા-સ્નેહીઓને બેસવા માટે ગાર્ડન બનાવવામાં આવ્યો હતો પરંતુ યોગ્ય જાળવણીના અભાવે ગાર્ડન મૃતપાય હાલતમાં છે. ત્યારે હોસ્પિટલની મુલાકાતે આવતા દર્દીઓને બેસવું ક્યાં તે પ્રશ્ન સતાવે છે. નવા બિલ્ડીંગની બાજુમાં કેન્ટીન સામે ખુલ્લી જમીનમાં ૫૦થી વધુ બાંકડા મુકવામાં આવ્યા છે. પરંતુ સિવિલ તંત્રનું ધ્યાન ન જતા કેટલાક બાંકડાઓની દુર્દશા થઈ તુટી ગયા છે. આ સ્થળે બપોરના સુમારે નર્સિંગની વિદ્યાર્થીઓ અભ્યાસ તેમજ સગાઓ સ્નેહીઓ શાંત વિસ્તારમાં બેસવાનું પસંદ કરે છે. આ સ્થળે પેવર બ્લોક પણ નાંખવામાં આવ્યા છે જેથી તંત્રનું કોઈ આયોજન તો છે જ પરંતુ ભુલી ગયા હોય તેવું દર્દીઓના સગાઓમાં ચર્ચાઈ રહ્યું છે. સિવિલના સુંદર કમ્પાઉન્ડમાં વેરાન લાગતા આ સ્થળને જલ્દીથી વિકસાવવામાં આવે તેવી લોકોની લાગણી અને માંગણી છે. ઉલ્લેખનીય છે કે મનપા દ્વારા મુકવામાં આવેલા બાંકડાનો અતિરેકને કારણે નગરની ઓળખ બાંકડા નગર તરીકે પણ કેટલાક રમુજી નાગરિકો આપે છે. ત્યારે સિવિલની કોઈ આવી ઓળખ ન બની જાય તે જોવું રહ્યું.

## કલ્ચરલ ફોરમની નવલી નવરાત્રિના વિજેતા

### બીજું નોરતુ

| કેટેગરી | બોય | ગર્લ |
|---|---|---|
| બેસ્ટ ચાઈલ્ડ-વિનર | ક્રિશિવ બારોટ | દેભૂતી વ્યાસ |
| (૭ વર્ષ સુધીના) રનર્સ અપ | ભવ્યરાજ રાઠોડ | દેવાંસીબા ઝાલા |
| બેસ્ટ કીડ - વિનર | જૈમિન મકવાણા | જ્હાનવી ઠક્કર |
| (૭ થી ૧૨ વર્ષ) રનર્સ અપ | ઓમ દવે | મૈત્રી મર્ચન્ટ |
| બેસ્ટ ટીનેજર-વિનર | હર્ષદીપ પરમાર | સાક્ષી સોની |
| (૧૩થી ૧૭ વર્ષ) - રનર્સ અપ | તિર્થ ગોસ્વામી | અંજલિ તન્ના |
| બેસ્ટ ડ્રેસ-વિનર | મહર્ષિ ઠાકર | વૈશાલી આહીર |
| રનર્સ અપ | નવદીપ બારોટ | ઉષ્મા માંડલ્યા |
| બેસ્ટ કિંગ/ક્વીન-વિનર | ડૉ. નિલેશ સાવલીયા | ઈલાબેન ગોહિલ |
| (૪૦ વર્ષથી ઉપરના) રનર્સ અપ | દિપક એરડા | મેઘા ભટ્ટ |
| બેસ્ટ પેર-વિનર | ભૌમિક ચૌહાણ | મીરા ચૌહાણ |
| રનર્સઅપ | હર્ષ રાઠોડ | નિધિ રાઠોડ |
| બેસ્ટ પરફોર્મન્સ-વિનર | સુશીલ યાદવ | જીજ્ઞા પટેલ |
| (પ્રિન્સ/પ્રિન્સેસ) રનર્સઅપ | નિકુંજ ઠાકર | ધરતી વ્યાસ |

## પાલજમાં તુટેલા માર્ગો અને ભયંકર ગંદકીથી ગ્રામજનો ત્રસ્ત

ગાંધીનગર તાલુકાના પાલજ ખાતે ગત ચોમાસાના ભારે વરસાદના કારણે મુખ્ય માર્ગને જોડતા આંતરિક માર્ગોતુટી જવા પામ્યા છે. વળી, ગામના આંતરિક માર્ગોની પહોળાઈ કાયદેસર રીતે ૩૦ ફૂટની હોવા છતાં ૧૦ ફૂટના જ રોડ બનાવાયા છે. જેના કારણે બંને સાઈડો કાંટાળી વાડ દ્વારા દબાણ કરાઈ રહ્યું છે. આ કાંટાળી વાડ દૂર કરી તુટી ગયેલ રસ્તાનું રીસરફેસીંગ કરવામાં આવે તેમજ આંતરિક રસ્તાઓ ૩૦ ફૂટના કરી મુખ્ય માર્ગોને જોડવામાં આવે તો ગામના વયોવૃદ્ધ વસાહતીઓને તેમજ વાહન ચાલકોને અગવડનો સામનો ના કરવો પડે. ગામની પ્રાથમિક શાળાની આજુબાજુ ગંદુ પાણી તેમજ કચરાના ઢગ જામ્યા છે. હાલની પ્રવર્તમાન સ્વાઈન ફ્લુ જેવા રોગચાળાની પરિસ્થિતિમાં ગામના રહીશો બિમારીનો ભોગ ના બને તે માટે સ્વચ્છતા ઝુંબેશ ઉપાડી ગામની શાળા તેમજ અન્ય જગ્યાએથી ગંદકી દૂર કરી જંતુનાશક દવાનો છંટકાવ કરાય તેવી ગ્રામજનોમાં માંગ ઉઠવા પામી છે.

### ખૂણે ખાંચરેથી...

- ગાંધીનગર કલ્ચરલ ફોરમમાં ગઈકાલે જિલ્લા પંચાયત પ્રમુખ હીનાબેન પટેલ પધાર્યા હતા અને તેમણે સખીઓ સાથે ગરબે ઘુમવાનો આનંદ ઉઠાવ્યો હતો.
- રાજયપાલ ઓમપ્રકાશ કોહલીના કર્ણાટકથી ખાસ આવેલા ૧૮ મહેમાનોએ કલ્ચરલ ફોરમ ખાતે નવરાત્રી નિહાળવાનો આનંદ માણ્યો હતો.
- ગાંધીનગરમાં શેરી ગરબા સ્પર્ધા ચાલી રહી છે. આ સ્પર્ધાના આયોજકો અને નિર્ણાયકોની ટીમ નગરની શેરીએ શેરીએ ફરી શેરી ગરબાનું અવલોકન કરી રહી છે.
- વન વિભાગ દ્વારા કોબા રોડ પરના રોડ સાઈડ વૃક્ષોના થડ રંગવાનું કાર્ય ઉપાડવામાં આવ્યું છે. આ રંગકામમાં વૃક્ષોને જમીનથી અડધે સુધી કથ્થઈ રંગે અને તેની ઉપર વ્હેંત જેટલો સફેદ પટ્ટો રંગવામાં આવી રહ્યો છે.




યૌવન હિલોળે ચડ્યું : નવરાત્રિના બીજા નોરતે યુવાનોના પગમાં થનગનાટ જોવા મળ્યો હતો... હૈયાથી હૈયુ ભિસાઈ એવી હકડેઠઠ ભીડમાં ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબા ગ્રાઉન્ડમાં બીજા નોરતે અબાલ-વૃદ્ધ સૌ મન મુકીને ગરબે ઘુમ્યા હતા.

(તસવીર : દિપક જાની, અલ્પેશ, દિપક)